## સુરત મહાનગરપાલિકા

## " જાહેરનામુ"

હાલમાં, વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે રાંદેર ઝોનના અડાજણ પાટીયાથી ડભોલી બ્રીજ સુધી રાંદેર મુખ્ય રોડનો ઉત્તર પૂર્વીય તરફ તાપી નદી સુધીનો વિસ્તાર એટલે કે, અડાજણ પાટીયા, કોઝવે રોડ, ગોરાટ, રાંદેર ગામ, હનુમાન ટેકરી, ભાણકી સ્ટેડીયમનો આજુબાજુના વિસ્તારમાં વિશાળ સંખ્યામાં લોકોની અવર જવર થતી હોવાનું ધ્યાને આવેલ છે. જેથી કોરોના વાયરસને કારણે સોશીયલ ડીસ્ટન્સીંગ( Social Distancing ) જળવાવુ જોઈએ તે જળવાતુ નથી. જેથી નોવેલ કોરોના વાયરસ COVID-19 નું સંક્રમણ ફલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી, હું બંછાનિધિ પાની, IAS કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીઝીસ એકટ–૧૮૯૭ ની કલમ –૨,૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date :20/03/2020 ના પેરા–૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ રાંદેર ઝોન વિસ્તારના **" રાંદેર મુખ્ય રોડનો ઉત્તર પૂર્વીય તરફ તાપી નદી સુધીનો વિસ્તાર એટલે કે, અડાજણ પાટીયા, કોઝવે રોડ, ગોરાટ, રાંદેર ગામ, હનુમાન ટેકરી, ભાણકી સ્ટેડીયમનો આજુબાજુનો વિસ્તારમાં "** રહેતા લોકોને તા.૦૭/૦૪/૨૦૨૦ થી આગામી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ – ૧૮૮ તથા એપેડેમીક ડીઝીસ એકટ–૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./૦૮

તા. ૦૭/૦૪/૨૦૨૦

**કમિશ્નર**

**સુરત મહાનગરપાલિકા**